## હવે, તો લગ્નના સર્ટીને અટેસ્ટેડ કરવા પણ લાંચ આપો...!

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૧૬ અંતર્ગત સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૨૮/૨ અને આદર્શ નિવાસી શાળા સેક્ટર-૮માં પ્રવેશ વિધિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશભક્તિગીત, ધ્યાનયોગ, આંગણવાડી અને ધોરણ-૧ની પ્રવેશવિધિ તથા રમકડાં કિટ વિતરણ, દાતાઓ, વડીલો, શાળાના પૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન અને ધો. ૩ થી ૮ના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને પુસ્તકથી પણ સન્માનવામાં આવ્યા હતા. આ ઉપરાંત મેયર દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

## ખૂણે ખાંચરેથી...

● સચિવાલયમાં ૧૦૦થી પણ વધુ ઉપ સચિવોની જગ્યા ખાલી હોવા છતાં બઢતીની કાર્યવાહી ન થતાં અને નાયબ સચિવ તરીકેની બઢતી પછી વિગતવાર નિમણુંકના હુકમો થતાં કર્મચારીઓમાં ગણગણાટ શરૂ થયો છે.

● ગાંધીનગરમાં વિશ્વ યોગ દિવસની ઉજવણીની તૈયારી અંગે આજે જિલ્લા કલેક્ટરે સમીક્ષા બેઠક યોજી હતી.

● ગ્રામ વિકાસને લઈ આજે વિકાસ કમિશનર દ્વારા વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં વીજ ક્ષમતામાં વધારો કરવાની માંગણીને લઈ સવાલાખથી વધુની રકમ ભરાઈ છે પણ છેલ્લા એક માસથી આરોગ્ય વિભાગમાં વીજપ્રવાહ મળતો નથી તેને લઈ કોઈ ચિંતા કરતુ નથી.

● કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે હવે તેમના શરીરનું વજન ઘટાડવા માટેના ભરપુર પ્રયાસો શરૂ કર્યા છે.

● દસમી ખેતગણનાની કામગીરી આગામી દિવસોમાં આરંભાઈ રહી છે ત્યારે તેની આજે બાયસેગની મદદથી તાલીમ કર્મચારીઓ અને અધિકારીઓને આપવામાં આવનાર છે.

● ગાંધીનગરના ચક્ષુશાબેન વોરા આજે ઈ. ટીવીના રસોઈ શૉ માં સ્ટફ ગુંદાનું શાક અને પકોડી જલજીરા કેવી રીતે બને તેનું નિદર્શન કરનાર છે.

● ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર જિલ્લા દ્વારા દ્વિતિય તબક્કાનું પંડિત દિનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન-૨૦૧૬ અભ્યાસ વર્ગ તા. ૧૭-૧૮ જૂન-૨૦૧૬ના રોજ દહેગામ શહેર તેમજ તાલુકા મંડળના નિલકંઠ મહાદેવ, મુ. પાલૈયા, તા. દહેગામ ખાતે યોજાનાર છે તેમજ તા. ૧૮-૧૯ જૂન-૨૦૧૬ના રોજ પેથાપુર શહેર મંડળ અને ગાંધીનગર તાલુકા મંડળનો અભ્યાસ વર્ગ જક્ષણીમાતાનું મંદિર, મુ. સાદરા તા. ગાંધીનગર ખાતે રાખેલ છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

**એક ઉપાય છે... ઘર આગળ બોર્ડ મારી દે... 'મહિલા માટે પ્રવેશની સખ્ત મનાઈ છે...' પછી જો મનગમતી કન્યા મળી જશે...!! એ પણ ઘર બેઠા...!!**

# ... તમામ નાગરિકોને હવે "આરોગ્ય-અધિકાર" આપો

### શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ તમામ નાગરિકોને સમાન આરોગ્ય સેવાઓ મેળવવાનો અધિકાર આપવા માંગ : ગાંધીનગરમાં વધતા અકસ્માતોના પગલે તમામ અન્ડરપાસ ખોલી દેવા પણ માંગ કરાઈ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા દેશના નાગરિકોને સમાન આરોગ્ય સેવાઓ માટે 'આરોગ્ય અધિકાર' આપવા તથા રાજ્યમાં ડૉક્ટર્સની નિવૃત્તિ વય મર્યાદા વધારી રાજ્યની આરોગ્ય વિષયક સેવાઓ સક્ષમ બનાવવા માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત પરિષદ દ્વારા ગાંધીનગર શહેરમાં વધી રહેલા વાહનવ્યવહારના પગલે અગાઉ બનાવાયેલ પાંચ અંડરપાસ માર્ગો ખોલી નાંખવા પણ માંગણી કરવામાં આવી છે. જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની તાજેતરમાં મળેલ બેઠકમાં ઉપરોક્ત બાબતોને ઠરાવ પસાર કરવામાં આવ્યા છે.

ભારત સરકાર દ્વારા નાગરિકોને માહિતી અધિકાર તથા શિક્ષણના અધિકાર આપવામાં આવ્યા છે. આ સાથે હવે આરોગ્ય સેવાઓ મેળવવાનો અધિકાર આપવા જાગૃત નાગરિક પરિષદે માંગણી કરી છે. કેન્દ્ર સરકાર દ્વારા ડૉક્ટર્સની નિવૃત્તિવય મર્યાદા ૬૫ વર્ષની કરવાના પગલાને આવકારતા રાજ્યમાં પણ તેનો અમલ કરવા માંગ કરી છે. આ સાથે યુવા ડૉક્ટર્સની બઢતી પર તેની અસર ના પડે તે સુનિશ્ચિત કરવા સૂચન કરાયું છે. સરકારે તમામ નાગરિકોને જેનેરિક દવાઓ સરળતાથી મળે, રાજ્યમાં પેરામેડીકલ સ્ટાફની ખાલી જ્યાઓ તુરંત ભરવામાં આવે તથા ગ્રામ્ય વિસ્તારમાં તેમને સેવાઓ આપવા પ્રેરિત કરવાની માંગ સાથે બીપી, ડાયાબીટીસ તથા પેઈન જેવા રોગોની દવાઓના ભાવ ઘટાડવા પગલાં લેવા માંગ કરી છે.

ગાંધીનગર શહેરમાં વધી રહેલા ટ્રાફિકના પગલે અગાઉના આયોજકો દ્વારા બાંધવામાં આવેલા પાંચ અન્ડરપાસ માર્ગો હવે ખોલી દેવા પણ પરિષદે અનુરોધ કર્યો છે. શહેરમાં મુલાકાતીઓની સંખ્યામાં વધારો થવા સાથે વધી રહેલા અકસ્માતો ની સંખ્યા ઘટાડવા આ અન્ડરપાસ ખોલવાની તાકીદે જરૂર હોવાનો નાગરિક પરિષદ દ્વારા ઠરાવમાં ઉલ્લેખ કરાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરના ચ અને ઘ માર્ગો પર તથા ક થી જ રાજમાર્ગોને ક્રોસ કરતા સેક્ટરના માર્ગો પર અકસ્માતોનું પ્રમાણ વધુ રહેવા પામે છે.

## આજે મુખ્યમંત્રી વિરમગામ પ્રાથમિક શાળામાં બાળકોનું નામાંકન કરાવશે

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ ૧૪માં કન્યા કેળવણી-શાળા પ્રવેશોત્સવના શહેરી ક્ષેત્ર અભિયાનના બીજા દિવસે, ગુરૂવારે તા.૧૬મી જૂને અમદાવાદના વિરમગામની તાલુકા પ્રાથમિક શાળામાં બાળકોનું નામાંકન કરાવશે. શ્રીમતી આનંદીબહેન આ અવસરે ૪૮ ભૂલકાંઓનો આંગણવાડી પ્રવેશ, ૨૧ બાળકોનું ધોરણ-૧માં નામાંકન તેમજ ૨૬ દિકરીઓ અને ૧૯ વિદ્યાર્થીઓ મળી કુલ ૪૫ વિદ્યાર્થીઓને ધોરણ-૯માં પ્રવેશ અપાવશે. મુખ્યમંત્રીશ્રી વહેલી સવારે ૭-૩૦ વાગ્યે વિરમગામ પહોચી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો પ્રારંભ કરશે.

# હવે, તો લગ્નના સર્ટીને અટેસ્ટેડ કરવા પણ લાંચ આપો...!

### એસીબીએ ટ્રેપ ગોઠવીને મદદનીશ નોંધણી નિરીક્ષક વર્ગ-૨ અને ક્લાર્કને લાંચ લેતા રંગે હાથ પકડયા

ગાંધીનગર, તા.૧૫

કોઈ સરકારી 'ખાતુ' એવું નથી રહ્યું કે જયાં કોઈ 'ખાતુ' નથી..! અને જે 'ખાતુ' નથી તેને કદાચ તક મળી નથી..! આ વાતનો અહેસાસ સામાન્ય નાગરીકને દરેક સરકારી કામકાજ વખતે થતો હશે. હવે તો લગ્નના સર્ટીફીકેટને અટેસ્ટેડ કરવા માટે પણ લાંચ આપવી પડે છે બોલો...! સ્ટેમ્પ અને નોંધણી ભવનની કચેરીમાં બેસતા કલાસ-૨ અધિકારી મદદનીશ નોંધણી નિરીક્ષક લાંચ માંગતા હોવાની ફરિયાદને આધારે આજે ગાંધીનગર એસીબીએ ટ્રેપ ગોઠવી અધિકારી અને કલાર્ક બંનેને પકડી પાડયા છે.

ગાંધીનગર એસીબી પી.આઈ. એમ.જે. ક્રીશ્ચિયનને અરજદારે ફરિયાદ કરી હતી કે ગાંધીનગર સ્થિત સ્ટેમ્પ અને નોંધણી ભવનની કચેરીમાં બેસતા મદદનીશ નોંધણી નિરીક્ષક લગ્નના સર્ટીફીકેટને એટેસ્ટેડ કરવા માટે પણ અરજદારની અર્જન્સી મુજબ રૂ. ૫૦૦ થી રૂ.૧૫૦૦ પડાવી ખિસ્સા ગરમ કરી દે છે. આ ફરિયાદને આધારે એસીબીની ટીમે ડિકોય ગોઠવીને આસી. ઈન્સ્પેકટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન પ્રતાપસિંહ એસ. રાઠોડને રૂ. ૧૫૦૦ની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડયા હતા. કચેરીના

બીજા માળેથી અધિકારીને લાંચ લેતા પકડી પાડયા છે. તે ઉપરાંત કલાર્ક દિનેશ ચૌધરીને આ જ પ્રકરણ માટે રૂ. ૫૦ની લાંચ લેતા પકડી પાડયા છે. બંને આરોપીની લાંચ કેશમાં ધરપકડ કરીને એસીબીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા ચોપડાનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૧૫

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા ધો-૫ થી ૧૦માં અભ્યાસ કરતા ટ્રસ્ટના તમામ વિદ્યાર્થીઓને મફત નોટબુક ચોપડા આપવાનું આયોજન કરવામાં આવ્યુ છે. વર્ષ ૨૦૧૫-૧૬ના વર્ષમાં ઉત્તીર્ણ થયેલ સમાજના વિદ્યાર્થીઓને પરીક્ષાની માર્ક્શીટની નકલ તેમજ જરૂરી માહિતી તા. ૨૦મી જૂન સુધીમાં સંસ્થાના પ્રમુખ પી.જે. રાઠોડ મકાન નં. ૧૩૨૫, શિવમ સોસાયટી, સે-૨૭ મહામંત્રી એન.એમ. મોઢવાડીયા ગામ-પીપળજ, ઉપપ્રમુખ કાનજીભાઈ પરમાર ગામ-કોલવડા તથા સુનિલ વાઘેલા ગામ -માણસા અને મંત્રી ચંદ્રકાન્ત પરીખ ૨/બી, સ્નેહસાગર સોસાયટી, રાણીપ, અમદાવાદ સહિતના સભ્યોને સમય મર્યાદામાં મોકલવાની રહેશે.

## જાણીતા સાહિત્યકાર ભાનુભાઈ પુરાણીના ધર્મપત્નિ રમાબેનનું અવસાન

ગાંધીનગર, તા. ૧૫

જાણીતા સાહિત્યકાર અને સીનીયર સીટીઝન કાઉન્સિલના

પ્રમુખ ભાનુભાઈ પુરાણીના ધર્મપત્નિ રમાબેન પુરાણીનું મંગળવારે મોડી રાત્રે અવસાન થતા શોકની લાગણી પ્રસરી ગઈ છે. સદગતની અંતિમયાત્રા ૧૬મી જૂને ગુરૂવારે સવારે ૮.૩૦ કલાકે તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૩/૨, સેક્ટર-૨ (એ) ખાતેથી નીકળશે.

સદગત રમાબેન પુરાણી આજીવન શિક્ષક રહ્યા હતા. શહેરની વિવિધ સરકારી શાળાઓમાં તેઓએ આચાર્ય તરીકે પ્રસંશનીય દીર્ઘ સેવાઓ આપી હતી. ૩૨ વર્ષની સુદીર્ઘ શૈક્ષણિક કારકિર્દી દરમ્યાન તેઓએ અનેક સેવાકીય, શૈક્ષણિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. અભ્યાસુ અને શાંત સ્વભાવના રમાબેન પુરાણીના અવસાનથી ગાંધીનગરના સાહિત્યજગતમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

## નવાપુરા ગામે પ્રાથમિક શાળાના બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં નવાપુરા ગામની પ્રાથમિક શાળા ખાતે ધો. ૧ થી ૮ના ૭૦ વિદ્યાર્થીઓને ચોપડા-પેન્સિલ વગેરે સહિતની શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સરકારી પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ બાળકોને આ શૈક્ષણિક કીટનું વિતરણ સહકારી મંડળીઓના રજીસ્ટ્રાર કૌશિકભાઈ જોશી તથા જોઈન્ટ રજીસ્ટ્રાર જે.જે. શાહના હસ્તે કરવામાં આવ્યું હતું.

દહેગામ તાલુકાની નવાપુરા ગામની પ્રાથમિક શાળામાં ભણતા જરૂરિયાતમંદ વર્ગના બાળકોને શિક્ષણમાં રૂચિ જાગે તથા આર્થિક મુશ્કેલીના કારણે શિક્ષણમાં અડચણ પેદા ના થાય તે હેતુથી શૈક્ષણિક કીટનું સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના ૭૦ વિદ્યાર્થીઓને આ શૈક્ષણિક કીટની સહાય આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા કાર્યક્રમને સફળ બનાવવાની જવાબદારી શાળાના આચાર્ય વિષ્ણુભાઈ પ્રજાપતિએ

સુપેરે નિભાવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા સહકારી મંડળીઓના રજીસ્ટ્રાર કૌશિકભાઈ જોશી તથા જોઈન્ટ રજીસ્ટ્રાર જયકૃષ્ણ જે. શાહે કીટ વિતરણ કરવા ઉપરાંત બાળકો સાથે મસ્તીભર્યો સમય પસાર કર્યો હતો. પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કૌશિકભાઈ જોશીએ બાળકોને અભ્યાસમાં પુરતુ ધ્યાન આપી જીવનને ઉચ્ચકક્ષાનું બનાવવા શીખ આપી હતી. આ સાથે જે.જે. શાહે બાળકોને વ્યસનમુક્ત રહી સ્વસ્થ જીવનનું મહત્વ સમજાવ્યું હતું. આચાર્ય વિષ્ણુભાઈ પ્રજાપતિએ મહેમાનોનો આભાર માનવા સાથે બાળકોના નિરંતર વિકાસ માટે કટિબદ્ધ રહેવાની ખેવના વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં શાળાના કર્મચારીગણે પણ ખૂબ જહેમત ઉઠાવી હતી.

## જમિયતપુરામાં ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમમાં ૧૫થી વધુ પ્રશ્નો રજુ થયા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમ ગાંધીનગર તાલુકાના જમિયતપુરા ગામે યોજાયો હતો જેમાં ૧૫થી પણ વધુ પ્રશ્નો રજુ થયા હતા. જેનો સમયબદ્ધ નિકાલ કરવા માટે જિલ્લા કલેક્ટર સતીષ પટેલે તંત્રના અધિકારીઓને તાકીદ કરી છે.

મળતી વિગતો પ્રમાણે આ લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં અડાલજથી જમિયતપુરા જવા માટે નવો અન્ડરપાસ બનાવવાનો પ્રશ્ન રજુ થયો હતો. જેમાં જિલ્લા કલેક્ટરે ગ્રામ પંચાયતને દરખાસ્ત તૈયાર કરી રજુ કરવા અને તે દરખાસ્ત પર જિલ્લાતંત્રની ભલામણ સાથે રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તાવાળાઓને મોકલી આપવાની હૈયાધારણ આપવામાં આવી હતી.

જમિયતપુરાના ઘણા ખેડૂતોની જમીન કેનાલની આસપાસ આવેલી છે તેમને સિંચાઈની સુવિધા માટે કેનાલમાંથી પાણી મળે તેવી પણ રજુઆત કરવામાં આવી હતી. આ માટે રાજય સરકારમાં યોગ્ય રજુઆતની ખાત્રી આપવામાં આવી હતી.

ગામમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત શૌચાલયોની નિયમિત સફાઈ કરવામાં આવે તે માટે પંચાયતને તાકીદ કરાઈ હતી. આ ઉપરાંત જે શૌચાલયો તુટી ગયા છે તેની મરામતની કામગીરી એટીવીટી અંતર્ગત હાથ ધરવા તંત્રના અધિકારીઓને જણાવ્યું હતું.

આ લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં ગામના દબાણો સહિતના મુદ્દાઓની ચર્ચા થઈ હતી.

જિલ્લામાં ગ્રામ સંવાદ સેતુનો આ ત્રીજો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અગાઉ અડાલજ, સાદરા પછી જમિયતપુરા ખાતે આ ત્રીજો કાર્યક્રમ યોજાયો હતો.

## માણસામાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો : ૫૭ બાળકોનું નામાંકન

ગાંધીનગર, તા. ૧૫

સમગ્ર રાજયમાં આજથી શહેરી વિસ્તારમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો આરંભ થયો છે. જે અંતર્ગત આજરોજ માણસા નગરપાલિકા વિસ્તારમાં આવેલી કુમાર પ્રાથમિક શાળા નંબર-૨ અને નવસર્જન હાઈસ્કૂલ ખાતે ગુડાના ચેરમેન આશિષભાઈ દવેની ઉપસ્થિતિમાં આંગણવાડી, ધોરણ-૧ અને ધોરણ-૯ના બાળકોની પ્રવેશવિધિ સંપન્ન કરાવી હતી.

ગુડા ચેરમેન શ્રી આશિષભાઈ દવેએ કુમાર પ્રાથમિક શાળા નં-૨માં ધોરણ-૧ના ૩૨ અને આંગણવાડીના ૨૫ મળી કુલ-૫૭ બાળકોની પ્રવેશવિધિ સંપન્ન કરાવી હતી. ત્યારબાદ ચેરમેન આશિષભાઈ દવેએ શાળાના ધોરણ-પના કલાસમાં ગયા હતા. ચેરમેન દવેએ ધોરણ-પના બાળકો પાસે વાંચન, ગણન અને લેખનનું કાર્ય કરાવ્યું હતું.

ગુડાના ચેરમેન આશિષભાઈ દવેએ શાળાના વિવિધ કલાસોની

મુલાકાત લઈ શાળાની સુવિધાઓ અને સ્વચ્છતાની પણ બારીકાઈથી તપાસ કરી હતી. તેઓએ બાળકોને અપાતા અક્ષયપાત્રના ભોજન ભાત, દાળ-ઢોકળીનું પણ બાળકોની જેમ લાઈનમાં ઉભા રહીને ભોજન લીધું હતું. બાળકોને ભોજન નિયમિત રીતે કેવું આવે છે, તેની પણ કાલીગેલી ભાષામાં વાત કરીને બાળકો પાસેથી જાણકારી મેળવી હતી.

તે ઉપરાંત નવસર્જન હાઈસ્કૂલમાં ચેરમેન આશિષભાઈ દવેએ ધોરણ-૯ના બાળકોની પ્રવેશ વિધિ સંપન્ન કરાવી હતી. તેમજ શાળાની વિદ્યાર્થીઓનીને સાયકલ પણ અર્પણ કરી હતી.

બન્ને શાળામાં ગુડાના ચેરમેન દવેના હસ્તે દાતાઓ, શાળાના પૂર્વ વિદ્યાર્થીઓ અને વિવિધ કલાસમાં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ચેરમેન આશિષભાઈ દવેના હસ્તે કુમાર પ્રાથમિક શાળાના બાળકોને શાળાએ આવવા-જવા માટેના વાહનને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવી હતી.

બન્ને શાળાના પ્રવેશવિધિ સંપન્ન સમયે માણસા નગરપાલિકા પ્રમુખ શ્રી નીતાબેન, શહેર ભાજપ પ્રમુખ યોગેશભાઈ પટેલ, શહેર ભાજપ મહામંત્રી જયનારણસિંહ, કુમાર પ્રાથમિક શાળાના એસ.એમ. સીના અધ્યક્ષ કંચનબેન વાઘેલા, નવસર્જન હાઈસ્કૂલના આચાર્ય ઈન્દ્રસિંહ રાઓલ સહિત મોટી સંખ્યામાં શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ભાજપે રાજ્યની પોલીસને કુપોષિત કરતાં માફિયાઓનું સામ્રાજ્ય ફુલ્યું ફાલ્યું છે : ડૉ. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત રાજ્યમાં ભાજપ અને તેમના સર્વે સર્વા નરેન્દ્ર મોદીએ સત્તા મેળવવા સાથે સત્તામાં ટકી રહેવા માટે પોલીસ તંત્રને કુપોષિત બનાવી દેતાં કાયદો અને વ્યવસ્થા મરણ પથારીએ છે ત્યારે બાળકોમાં કુપોષણ દુર કરવાનું કાર્ય પોલીસ તંત્રને સોંપી ભાજપે હાસ્યાસ્પદ અને ચિંતાજનક પરિસ્થિતિનું નિર્માણ કર્યું હોવાનું ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યમાં ખાસ કરીને નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભાજપ સરકારે શાસનધુંરા સંભાળી ત્યારથી પોલીસ તંત્ર ભાજપનું કઠપુતળી બની ગયું છે જેના પરિણામે આજના દિવસે પણ સમગ્ર રાજયમાં ખૂલ્લેઆમ હત્યા, લૂંટ, ચોરી, બળાત્કાર અને છેતરપીંડીના સેંકડો બનાવો બની રહ્યા છે. ભાજપે પોતાની સત્તા ટકાવી રાખવા માટે જ પોલીસ તંત્રનો એન્કાઉન્ટર સહિત વ્હાલાંદવલાંની નીતિ અપનાવી સમગ્ર રાજયને અસામાજિક તત્ત્વોના હવાલે કરી દીધું છે. ગુજરાતભરમાં ગુનાખોરીના વધી ગયેલા સામ્રાજ્યમાં માફિયાઓને મોકળુ મેદાન મળી ગયું છે ત્યારે રાજયની પોલીસ ભાજપના નેતાઓની પગચંપી કરીને ભ્રષ્ટાચારમાં ગળાડૂબ થઈ ગઈ છે. જે પોલીસ પોતાની પોલીસ ચોકીમાં જ પોલીસ કર્મચારીની હત્યા થતી રોકી શકતી નથી તેવા તંત્રના માથે બાળકોમાં રહેલા કુપોષણને દૂર કરવાની જવાબદારી ઠોકી બેસાડી ભાજપ સરકારે હાસ્યાસ્પદ સ્થિતિનું નિર્માણ કર્યું છે.